# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-03/૨૦૨૧-૨૨/330 તા.૨૪.૦૨.૨૦૨૨

૨૦03ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૭/ક્વા-03/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી મુકેશ મનજી મોરવાયા ગામ – જામનગર

સબડીવીઝન: હાપા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૧

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી જે.જે.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર

તારીખ: બુધવાર (૧૯.૦૧.૨૦૨૨)

૧.0 સદર કેસની સુનાવણી તા.૧૯.૦૧.૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,જયભારત સાથ જણાવવાનું કે હું ઉપરોક્ત સરનામે હાપા પેટા વિભાગીય કચેરી પીજીવીસીએલનું ગ્રાહક નંબર ૮૫૫૨૦/૦૨૦૯૧/૪ થી ઘર વપરાશ હેતુનું

તા.૨૬.૦૨.૨૦૧૮ થી કાયદેસરનું વિજજોડાણ ધરાવું છું મારી ફરિયાદની વિગતવાર/મુદ્દા વાઇસ નીચે મુજબ છે.

૧. તારીખ ૦૬.૦૯.૨૦૨૧ ને મને માહે જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૧ મહિનાનું આગલા બાકી સહિત કુલ બિલ રૂપિયા ૨૭૦૬.૦૬ નું આવેલ .

૨. તારીખ ૨૮.૧૦.૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે એકાએક પીજીવીસીએલના હેલ્પર શ્રી ઠાકરભાઇનો મોબાઈલ નંબર ૮૧૪૧૮ ૫૧૮૧૧ પરથી ફોન આવેલ કે " તમારૂ વિજબિલ રૂપિયા ૫૦૬૯૬ જેટલું બાકી છે માટે ભરપાઈ કરો અન્યથા તમારૂ વિજજોડાણ કાપવાનો ઓર્ડર છે." જેથી હું ચિંતામાં આવી ગયેલ કે આવું મોટું કોઈ વિજબિલ મારૂ બાકી નથી તો આવી મોટી રકમ કઈ રીતે બાકી આવી ? જે બાબત હેલપરશ્રીને જણાવતાં તેઓએ મારૂ વિજજોડાણ કાપેલ નહી પરંતુ આ બાબતે હાપા પેટા વિભાગ ઓફિસનો સંપર્ક કરવા કહેલ આમ મારી એક ફરિયાદ એ છે કે રૂપિયા ૫૦૬૯૬ બાકી ના હોવા છતાં તેમજ આવું મોટું બિલ મને આપ્યા વગર રૂપિયા ૫૦૬૯૬ નો ડિસકનેક્શન ઓર્ડર કઈ રીતે નિકળી શકે ?

૩. ત્યારબાદ ઓફિસનો સંપર્ક કરતાં મને ત્યાંના હાજર સ્ટાફ દ્વારા કોમ્પ્યુટરમાં જોઈ એવુંકહેલ કે આપના અગાઉનું જે મિટર બદલવામાં આવેલ તેના લેબ.પરીક્ષણમાં આવેલ પેન્ડિંગ યુનિટ્સ૨૮૯ ના રૂપિયા ૪૭૯૯૦ આપના ખાતામાં તારીખ ૧૭.૦૯.૨૦૨૧ ના ડેબિટ કરવામાં આવેલ છે. આ અંગે કોઈપણ જાતના કેલ્ક્યુલેશન સાથેનું કોઈ પુરવણી બિલ આપેલ નથી

૪. અગાઉ જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૧ માસમાં વિજળી પડવાના કે અન્ય કોઈ કારણસર મિટરમાં રિડીંગ ઓવર આવતાં મને જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૧ માસનું તા.૦૮.૦૯.૨૦૧૯ ના વિજબિલ ફોલ્ટી તરીકે મારા એવરેજ છેલ્લા ત્રણ માસનું ૯૦x ૩=૨૭૦ યુનિટનું બિલ આપવામાં આવેલ જે મેં ભરપાઈ કરેલ છે તથા ત્યારબાદ તરત તારીખ ૧૪.૦૯.૨૦૧૯ ના રોજ મારૂ જુનું મિટર નંબર૦૨૪૧૭૯૮૬ ઉતારી નવું મિટર નંબર ૦૪૪૪૯૭૯૪ નાખવામાં આવેલ જેના લેબ.પરીક્ષણ વખતે હું ગયેલ ત્યારે જણાવેલ કે તમારૂ મિટર ફોલ્ટી જ છે માટે હવે તમારે કોઈ બિલ ભરવાનું રહેતું નથી આ વખતે મેં મિટરના એમ.આર.આઈ. રિપોર્ટની માંગણી કરેલ પણ તે મને આપેલ ન હતો

૫. ત્યારબાદ તારીખ ૨૩.૦૧.૨૦૨૦ ના એક મિટર બદલવામાં આવેલ છે.

૬. મને મળતાં વિજબિલો સમયાંતરે ચુક્તે કરેલ છે.

૭. હું એક સામાન્ય મજુરી કરીને મહિને માંડ રૂપિયા ૮૦૦૦-૯૦૦૦ કમાણી કરી મારા સાવ ટુંકા પરિવારનું ગુજરાન ચલાવું છું મારૂ ઘર સાવ નાનું છે જેમાં એકસિંગલ રૂમ તથા એક હોલ માત્ર છે જેમાં હું અને મારી પત્નિ તેમજ એક ૨ વર્ષનું બાળક રહીયે છીએ તેમજ મારા ઘરમાં કોઈપણ જાતના મોટા વિજ ઉપકરણો નથી મારા ઘરમાં ૧ નાનું ફ્રિઝ ૧ નાની અડધા હો.પા.ની પાણીની મોટર, ૨ પંખા અને ૦૯ વોટના ઉજાલાના ૩ નંગ લેમ્પ માત્ર છે જેથી પણ આવડું મોટું બિલ કઈ રીતે આવી શકે તે જ સમજી શકાતું નથી?

૮. મારા આગળ-પાછળના તમામ બિલો ચેક કરવામાં આવે તો ઉનાળામાં બાયમંથલી સરેરાશ૨૦૦ યુનિટ તેમજ શિયાળામાં બાયમંથલી સરેરાશ૧૪૦ યુનિટ જ આવે છે જેથી પણ સમજી શકાય કે આવું મોટું બિલ આવે તે શક્ય જ નથી.

૯. જુદા-જુદા કાયદાનુસાર પણર વર્ષ પહેલાનું લેણું વસુલી ન શકાય.

૧૦. મને માહે સપ્ટે-ઑક્ટો-૨૦૨૧ નું વિજબિલ તારીખ ૦૭.૧૧.૨૦૨૧ ના મળેલ તેમાં સીધા બાકી રકમ તરીકે રૂપિયા ૫૦૬૯૬.૭૯ બતાવી ચાલુ બિલ સહિત ૫૧૬૧૭.૨૫ આપવામાં આવેલ જે પૈકી રૂપિયા ૨૭૦૬ મે તારીખ ૦૭.૧૧.૨૦૨૧ ના રોજ ઓનલાઈન ભરપાઈ કરી આપેલ છે. આમ મને કોઈપણ જાતના કારણ વગર વધુ બિલ બાકી બતાવવા આવેલ તે મારી કાયદેસરની ફરિયાદ ધ્યાને લઈ રકમ રૂપિયા ૪૭૯૯૦ રદ્દ કરાવી આપવા નમ્ર વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અન્વયે અરજદારશ્રીની અરજી અંગેનો પેટાવિભાગીય કચેરી દ્વારા મળેલ દસ્તાવેજી પુરાવા સાથેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છેઃ

- ગ્રાહકનુ નામઃ મૂકેશ મનજીભાઇ મોરવાયા
- ગામઃ હાપા કોલોની જામનગર
- ગ્રાહક નંબરઃ ૮૫૫૨૦/૦૨૦૯૧/૪
- કેટેગરીઃ ઘરવપરાશ (RGPU)
- કરારીત વીજભારઃ ૧.૦૦ કીલોવોટ
- કનેકશન રીલીઝ તારીખઃ ૨૬-૦૨-૨૦૧૮

3.૧ તારીખ ૨૬/૦૨/૨૦૧૮ના રોજ મીટર નંબર ૨૪૧૭૯૮૬ શરૂઆતના રીડીંગ ૧૧૯૬ થી આ કનેકશન ચાલૂ કરવામા આવેલ. આ મીટર લગાડવામા આવેલ ત્યારથી તા. ૧૪/૦૯/૨૦૧૯ ના ઉતારેલ ત્યા સુધીના સમયગાળામા કુલ ત્રણ રનીંગ યુનીટના બીલો કમશઃ ૧૪૫, ૧૪૨ તથા ૨૨૯યુનીટના બનાવવામા આવેલ. બાકીના લોક બીલ આપવામા આવેલ. તા. ૦૮/૦૯/૨૦૧૯ના રોજ આપવામા આવેલ જુલાઇ ઓગષ્ટ ૨૦૧૯ બીન્ડ ઇન સપ્ટે ૨૦૧૯ ના બીલમા મીટર રીડરના રીમાર્ક અનુસંધાને આ મીટર તા. ૧૯/૦૯/૨૦૧૯ના બદલવામા આવેલ. તા. ૦૩/૧૦/૨૦૧૯ના આ વીજ મીટર નંબર ૨૪૧૭૯૮૬ નુ લેબ રોજકામ ગ્રાહકની હાજરીમા કરવામા આવેલ. જેમા મીટર બરાબર માલુમ પડેલ. વધુમા મીટરને ટેસ્ટ બેંચ પર ડાયલ ટેસ્ટ લેતા પરિણામ -૦.૬૭% આવેલ જે વીધીન પરમીસીબલ લીમીટ છે.

3.૨ વિવાદીત મીટરનો એમઆરઆઇ લેવામા આવેલ. જેની ખરાઇ કરતા ગ્રાહકના લોડ મુજબનો વપરાશ જોવા મળેલ છે. તેના એમઆરઆઇના ડેટા ચેક કરતા એકચ્યુઅલ વપરાશ તથા તારીખ વાઇઝ વપરાશ બરાબર જણાય છે. તેમજ તા. ૦૩/૧૦/૨૦૧૯ના લેબ રોજકામ મુજબ મીટરના ડાયલ ટેસ્ટનુ પરીણામ તેમજ એમઆરઆઇની ખરાઇ કરતા સદર મીટર ઓકે છે. આમ મીટર બદલતી વખતે જે રીડીંગ ૮૪૮૧ આવેલ તેમજ લેબ રોજકામ દરમ્યાન લેબ પરિક્ષરીક્ષણ દરમ્યાન આવેલ રીડીંગ ૮૪૮૧ બરાબર છે.જે તે સમયે મીટર ચેન્જની એન્ટ્રી આપતી વખતે શરત ચુકથી લેબ રિપોર્ટ મુજબના રીડીંગના બદલે છેલ્લા બીલ મુજબના સરખા રીડીંગની એન્ટ્રી આપવામા આવેલ. ત્યાર બાદ ઇન્ટરનલ ઓડીટ ટીમ દ્વારા તા. ૦૩/૦૬/૨૦૨૧ થી ૩૦/૦૬/૨૦૨૧ દરમ્યાન કરેલ સદર ગ્રાહકની પેન્ડીંગ યુનીટની રીકવરી કાઢવામા આવતા તા. ૦૭/૦૭/૨૦૨૧ના ઓડીટ રીકવરી નોટીસ આપેલ અને તેના ખાતામા પેન્ડીંગ યુનીટ ૬૨૮૯ ના રૂા. ૪૭૯૯૦.૭૩ ડેબીટ કરવામા આવેલ. (૮૪૮૧-૧૮૩૨-૩૬૦ એફ બીલ=૬૨૮૯ યુનીટ) ગ્રાહક દ્વારા ઓફીસનો સંપર્ક કરતા તેઓને ઉપરોકત બાબતે વિગતવાર સમજાવવામા આવેલ. પરંતુ તેઓને આ બાબતે સંતોષ ન થતા સીજીઆરએફમા અરજી કરેલ છે.

3.3 આમ ઉપરોક્ત વિવાદીત મીટરનો લેબ રીપોટ તેમજ એમઆરઆઇ ડેટાનો અભ્યાસ કરતા આ રકમ ગ્રાહકે ભરપાઇ કરવાની થાય છે. આમ બીલ બાદ આપવા પાત્ર નથી.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને મીટર બદલાવેલ છે અને તેનું લેબ પરીક્ષણ પણ કરવામાં આવેલ છે અને જેમાં મીટર બરાબર જોવા મળેલ છે. .

૪.૨ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ એકી સાથે પેન્ડિંગ પડેલા યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. જે બિલિંગ વાઈજ સરેરાશ મુજબ ગણતરી કરી ને અરજદાર શ્રી ને ફરીથી બિલ આપવા માટે નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી જે.જે.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯